નડિયાદ મનપાનો 'મહાજંગ' | 13 વોર્ડની 49 બેઠકો માટે 104 ઉમેદવારો મેદાનમાં ઉતર્યાં

# ગઢ સાચવવા ભાજપના ધમપછાડા અસ્તિત્વ સાબિત કરવા કોંગ્રેસનું જોર



### મનપા બન્યા બાદ પ્રથમ ચૂંટણીમાં 1.96 લાખ મતદારો નક્કી કરશે શહેરનું ભાગ્ય

(પ્રતિનિધિ) નડિયાદ, તા.23

નડિયાદમાં નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બન્યા બાદ પ્રથમ ચૂંટણી છે. ગ્રામ્ય વિસ્તારના જોડાણ બાદ આ પ્રથમ ચૂંટણી છે. જેમાં ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના દિવસ સુધી ભાજપે 3 બેઠકો બિનહરીફ કરવામાં અને કોંગ્રેસના 7 ઉમેદવારોને ફોર્મ પરત ખેંચાવવામાં સફળતા મેળવી હતી. તે 13 વોર્ડના 49 બેઠકો પર ભાજપના 49 ઉમેદવારો મેદાને છે. જ્યારે કોંગ્રેસના 43 ઉમેદવારો ચૂંટણી જંગ લડવાના છે.

સૌથી મહત્વની બાબત એ છે કે, નડિયાદ નગરપાલિકામાં વર્ષોથી ભાજપ સત્તારૂઢ છે. છેલ્લી કેટલીક ચૂંટણીઓમાં તો કોંગ્રેસ પાસે વિપક્ષમાં બેસાડવા માટેનો પણ આંકડો નહોતો અને કોંગ્રેસ કરતાં અપક્ષો વધુ જીતેલા. શહેર પ્રમુખ તરીકે હાર્દિક ભટ્ટની વરણી બાદ તેમણે નડિયાદમાં કોંગ્રેસને નવજીવન આપવા માટે સંપૂર્ણ તાકાત લગાવી છે. કોંગ્રેસે આ વખતે 52માંથી 50 બેઠકો પર ઉમેદવારો ઉતાર્યા હતા. જે પૈકી 7 ઉમેદવારોએ ભાજપના રાજકારણમાં ભળી જઈ ફોર્મ પરત ખેંચ્યા અને હવે કોંગ્રેસ પોતાનું અસ્તિત્વ મજબૂત કરવા માટે 43 ઉમેદવારો સાથે ચૂંટણી જંગમાં છે. બીજીતરફ છેલ્લી નગરપાલિકા ચૂંટણીમાં ભાજપ બે તૃતિયાંશ કરતાં વધુ બેઠકો જીતી હતી. આમ છતાં આતંરીક જૂથવાદ અને નગરપાલિકામાં સક્ષમ નેતૃત્વ આપવામાં ઉણી ઉતરી હતી.

ઉચ્ચ પદાધિકારીઓ પોતાનો હોલ્ડ છૂટી ન જાય તે માટે રબ્બર સ્ટેમ્પ પ્રમુખો મૂકી અને માનીતાઓ થકી સત્તા ચલાવી હોવાનું ખુદ ભાજપના જ લોકોમાં ચર્ચાતુ હતુ. તો વળી, શહેરના અનેક વિસ્તારોમાંથી પાયાની સુવિધાઓથી માંડી અને મહત્વકાંક્ષી પ્રોજેક્ટનો લાભ ન મળતો હોવાની પણ અનેકોવાર રજૂઆત થઈ હતી. જો કે, આ વચ્ચે પણ જંગી બહુમતીના કારણે ભાજપે પોતાની સત્તા અકબંધ રાખી હતી અને હવે ભાજપ મજબૂત થયેલી કોંગ્રેસને નબળી પાડવા ઉપરાંત પોતાની સત્તા અગાઉની જેમ જ બે તૃતિયાંશ કરતાં વધારે બેઠકો સાથે જાળવવા 3 બેઠકો બિનહરીફ કરી 49 બેઠકોની ચૂંટણી માટે 49 ઉમેદવારો સાથે મેદાનમાં છે. 10 અપક્ષોએ પોતાનું કિસ્મત અજમાવ્યુ છે. નડિયાદ મનપામાં કુલ 1.96 લાખ મતદારો નોંધાયા છે. જે ભાવિ નક્કી કરશે.

**વોર્ડ નં. 1**
**વિસ્તાર:** યોગીનગર, કમળા, ડભાણ અને મંજીપુરા ગામનો સમગ્ર વિસ્તાર.
**સમસ્યા:** રોડ બનાવાય છે અને ગણતરીના મહિનાઓમાં તૂટી જાય છે. જીઆઈડીસીનો નડિયાદ-મહેમદાવાદ રોડ પર ગેટ હોવા છતાં ભારે વાહનો મંજીપુરામાંથી પસાર થાય છે અને સૌથી મોટી સમસ્યા એ મનપાનું ડમ્પિંગ સ્ટેશન છે, જે વોર્ડ નં.1 માટે માથાના દુ:ખાવા સમાન સમસ્યા છે.

**વોર્ડ નં. 2**
**વિસ્તાર:** સંતઅન્ના સ્કૂલ, લક્ષ્મી સિનેમા, અનાથ આશ્રમ, વિરામ ગેસ્ટ હાઉસ અને આસપાસનો વિસ્તાર.
**સમસ્યા:** ખુલ્લી કાંસ, કાંસ પરના દબાણો, સ્વચ્છ પીવાના પાણીનો પ્રશ્ન અને સ્લમ વિસ્તાર લાંબા સમયથી વિકાસથી વંચિત.

**વોર્ડ નં. 3**
**વિસ્તાર:** એસ.ટી. વર્કશોપ, મિલ્લતનગર, ગુજરાત હાઉસીંગ બોર્ડ, એસ.આર.પી. કમ્પાઉન્ડ અને વોરાજી પાર્ક.
**સમસ્યા:** પ્રગતિનગરના રીડેવલોપમેન્ટ લંબિત, જાહેર માર્ગો પર ગેરકાયદેસર દબાણ, બિલોદરા ચોકડી પર ટ્રાફિક સિગ્નલનો અભાવ, સોસાયટી વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલનો પ્રશ્ન.

**વોર્ડ નં. 4**
**વિસ્તાર:** સંસ્કાર હાઈસ્કૂલ, અફઝલ પાર્ક, એ. એસ. અલાદ પ્રાથમિક શાળા અને બિલોદરા ગામનો સમાવિષ્ટ વિસ્તાર.
**સમસ્યા:** નદી પટનું ગામ હોય પાણી ભરાવાની સમસ્યા અને લોકોને દર ચોમાસામાં રોડ પર સ્થળાંતર, પ્રાથમિક સુવિધાઓનો અભાવ.

**વોર્ડ નં. 5**
**વિસ્તાર:** નથન સૈયદની ખડકી, મરીડા ભાગોળ, રેહાન મહોલ્લો, રાજા ખાટકીની બિલ્ડીંગ અને આસપાસના વિસ્તારો.
**સમસ્યા:** વર્ષોથી પ્રાથમિક સુવિધાનો અભાવ, બિસ્માર રસ્તા, મરીડા દરવાજાના રીનોવેશનનો વર્ષો જૂનો વાયદો આજે પણ અધૂરો.

**વોર્ડ નં. 6**
**વિસ્તાર:** મજુમદારની પોળ, મોગલકોટ, સોનીની ખડકી અને ફતેપુરા ગામનો સમાવિષ્ટ વિસ્તાર.
**સમસ્યા:-** નવા જોડાયેલા ગ્રામ્ય વિસ્તારથી શહેર દૂર, બજાર વિસ્તારમાં સીસીટીવી અભાવ, બજાર વિસ્તારના બિસ્માર રોડ, ફતેપુરા રોડ પર સ્ટ્રીટ લાઈટનો અભાવ, ખુલ્લી કાંસની ગંદકી.

**વોર્ડ નં. 7**
**વિસ્તાર:** પ્રણામી મંદિર પાસે, કર્મવીર કોમ્પ્લેક્ષ, અર્પિતા પ્રોવિઝન સ્ટોરથી રાવળવાસ અને આસપાસના વિસ્તારો.
**સમસ્યા:-** વરસાદી પાણીના નિકાલની સમસ્યા, રખડતા ઢોરોનો જમાવડો, ડુમરાલ ટાવરની જાળવણીનો અભાવ, સંતરામ રોડ પર દુકાનોના દબાણો, બજાર વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા

**વોર્ડ નં. 8**
**વિસ્તાર:** નીલકમલ સોસાયટી, સહયોગ પાર્ક, પુષ્પાંજલિ અને સિલોડ તલાવડી પાસેના મકાનો.
**સમસ્યા:-** ખુલ્લી કાંસના કારણે અનેક સોસાયટીનો ચૂંટણી બહિષ્કાર, સ્લમ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટનો અભાવ, કેટલાક વિસ્તાર બિસ્માર રોડ.

**વોર્ડ નં. 9**
**વિસ્તાર:** એલ.આઈ.સી. ઓફીસ ક્વાર્ટર્સ, નિત્યાનંદ સોસાયટી અને મહાનગરપાલિકામાં સમાવિષ્ટ ડુંડેલ ગામનો વિસ્તાર.
**સમસ્યા:-** ગંદકીયુક્ત પાણી, વૈશાલી ગરનાળુ ચોમાસામાં વારંવાર ભરાઈ જવુ, નડિયાદ પૂર્વમાં જવા માટે બ્રિજનો અભાવ, નવા જોડાયેલા ગ્રામ્ય વિસ્તારમાં રોડની સુવિધાનો અભાવ.

**વોર્ડ નં. 10**
**વિસ્તાર:** ડુમરાલ ગામનો સમગ્ર વિસ્તાર.
**સમસ્યા:-** શહેરી વિસ્તાર અને ડુમરાલ વચ્ચે નેશનલ હાઈવે નં.8 મોટો અવરોધ, વિસ્તાર મોટો હોવા છતાં હાઈવે ક્રોસ કરવા પીપલગ અથવા પીજ ચોકડી જવાની પરીસ્થિતિ, ડુમરાલના આંતરીયાળ વિસ્તારોમાં પાયાની સુવિધાનો અભાવ.

**વોર્ડ નં. 11**
**વિસ્તાર:** પટેલ બેકરી બાજુના મકાનો, સેન્ટ મેરી સ્કૂલ, ચર્ચની ઓફિસ અને પીપલગ વિસ્તાર.
**સમસ્યા:-** વૈશાલી ગરનાળાના નવીનીકરણમાં વિલંબ, બિસ્માર રોડ, રેલવે ટ્રેકને અડોઅડ વિસ્તાર હોવાથી વિકાસમાં અવરોધ, ઈન્દિરાનગરી જેવા સ્લમ વિસ્તારોમાં પાયાની સુવિધાનો અભાવ.

**વોર્ડ નં. 12**
**વિસ્તાર:** એરોવીરા કોમ્પ્લેક્ષ, જલસાગર એપાર્ટમેન્ટ, અલકાપુરી, આનંદપાર્ક અને ઉત્તરસંડા ગામ પૈકીનો વિસ્તાર.
**સમસ્યા:-** પાણીનો ભરાવો, સ્ટ્રીટ લાઈટનો અભાવ, રખડતા ઢોરો, કોમ્યુનિટી સેન્ટર નથી, બાગ નથી, નહેર પર લાઈટોનો અભાવ, ઉબડ-ખાબડ રોડ, ટી.પી. 8 પ્રિમિલ થવા છતાં વિકાસ કામો અધૂરા, ગટર લાઈનથી માંડી પાણીની લાઈનોનો અભાવ, ટી.પી.ના રોડના તમામ કામો બાકી

**વોર્ડ નં. 13**
**વિસ્તાર:** ઉર્મીફ્લેટ, ડીડીઆઈટી કોલેજ, ગ્રેવીટી કોમ્પ્લેક્ષ અને ઉત્તરસંડા ગામ પૈકીનો પૂર્વ તરફનો વિસ્તાર.
**સમસ્યા:** બિસ્માર રોડ, કોલેજ રોડ પર ગાબડા, પાણીના નિકાલની સમસ્યા, સ્લમ વિસ્તારમાં પાયાની સુવિધાનો અભાવ, રખડતા ઢોરોનો ત્રાસ.

# બોરસદમાં વૃદ્ધા પર હુમલો કરનારા શખસને 2 વર્ષની જેલ

### પશુ ચરાવવા જેવી નજીવી બાબતે થયેલા ઝઘડામાં કોર્ટનો કડક ચુકાદો

(પ્રતિનિધિ) આણંદ તા.23

બોરસદની બીજા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટે વર્ષ 2021ના મારામારીના એક કેસમાં મહત્વનો ચુકાદો આપતા આરોપીને તકસીરવાન ઠરાવી જેલની સજા ફટકારી છે. વૃદ્ધાને ગંભીર ઈજા પહોંચાડવાના ગુનામાં કોર્ટે આરોપીને બે વર્ષની સાદી કેદ અને દંડનો હુકમ કર્યો છે.

આ કેસની વિગત મુજબ, બોરસદમાં પશુ ચરાવવા જેવી નજીવી બાબતે 21 જુલાઈ 2021ના રોજ ઝઘડો થયો હતો. આ સમયે ફરિયાદી લાલજીભાઈ ઠાકોરના બા મધુબેન જ્યારે ઠપકો આપવા ગયા ત્યારે આરોપી વિજય જયંતીભાઈ ઠાકોરે ઉશ્કેરાઈ જઈ મધુબેનનો ડાબો હાથ પકડી મચકોડી નાખ્યો હતો. તબીબી તપાસમાં બહાર આવ્યું હતું કે મધુબેનના ડાબા હાથના કાંડા પર ગંભીર ફ્રેક્ચર થયું હતું અને તેમને ઓપરેશન કરાવવાની પણ જરૂર પડી હતી.

આ કેસ બોરસદના જજ શૈલેષકુમાર કે. પટેલની કોર્ટમાં ચાલતા સરકારી વકીલ જી.કે. સોનારાએ ધારદાર દલીલો અને નવ મૌખિક પુરાવા, 3 દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતાં. કોર્ટે નોંધ્યું હતું કે, ભોગ બનનારનો પુરાવો અત્યંત મહત્વનો છે. તમામ પુરાવાઓને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપી વિજય ઠાકોરને દોષિત ઠેરવી 2 વર્ષની જેલ અને રૂ. 10 હજારનો દંડ ફટકાર્યો હતો. વધુમાં, ન્યાયના હિતમાં કોર્ટે એવો પણ હુકમ કર્યો છે કે દંડની કુલ રકમમાંથી રૂ. 5 હજાર ભોગ બનનાર મધુબેનને વળતર પેટે ચુકવવાના રહેશે.

## વાસદ પાસે નદીમાંથી યુવકની લાશ મળી

(પ્રતિનિધિ) આણંદ તા.23

વાસદ પોલીસ મથકની હદમાં આવેલી મહીસાગર નદીમાંથી આશરે 30થી 40 વર્ષની વયના એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. સ્થાનિક રહીશની જાણ બાદ પોલીસે ઘટના સ્થળે પહોંચી હતી.

વાસદમાં લક્ષ્મી ફાર્મ બ્રીજ પાસે મહીસાગર નદીના પાણીમાં એક વ્યક્તિનો મૃતદેહ તરતો હોવાની જાણ પોલીસને કરવામાં આવી હતી. આ અંગે સ્થાનિક રહીશ નરેશભાઈ રામાભાઈ ગામેચી દ્વારા વાસદ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસના પ્રાથમિક અનુમાન મુજબ, આ અજાણ્યો પુરુષ કોઈ અગમ્ય કારણોસર નદીના પાણીમાં પડી જવાથી ડૂબી ગયો હતો, જેના કારણે તેનું મોત નીપજ્યું છે. વાસદ પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. હાલમાં મૃતકની ઓળખ વિધિ કરવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# આણંદમાં છેતરપિંડી કેસમાં 'આપ'ના ઉમેદવારની અટક

### દાગીના અને કારના સોદામાં વિશ્વાસઘાતના કેસમાં એક દિવસના રિમાન્ડ લેવાયાં

(પ્રતિનિધિ) આણંદ તા.23

આણંદ શહેરના ગ્રીડ ચોકડી વિસ્તારમાં રહેતા અને રાજકારણમાં સક્રિયતા ધરાવતા એક શખ્સે અમદાવાદના હોટલ માલિક સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરતા આણંદ ટાઉન પોલીસે તેની ધરપકડ કરી છે. પકડાયેલો મિતુલ રાજેશભાઈ પઢીયાર આણંદ નગરપાલિકાની વોર્ડ નં-13ની પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યો હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, અમદાવાદમાં હોટલ ધરાવતા નિરવ અમૃતલાલ ચાવડા નાણાકીય ભીડમાં હોવાથી આરોપી મિતુલ પઢીયારે તેમનો વિશ્વાસ જીત્યો હતો. આરોપીએ ફરિયાદીના 7 તોલા સોનાના દાગીના પર લોન અપાવવાના બહાને 4 લાખની લોન કરાવી તે રકમ પચાવી પાડી હતી. આ ઉપરાંત, ફરિયાદીની હોન્ડા સિટી કાર રૂ. 3.50 લાખમાં વેચાતી રાખવાનું નક્કી કરી, તેમાંથી બાકી રહેલા રૂ. 2.50 લાખની રકમ પણ ચૂકવી નહોતી. આમ, આરોપીએ કુલ 8.50 લાખનો ગુનાહિત વિશ્વાસઘાત આચર્યો હતો.

આણંદ પોલીસની પ્રાથમિક તપાસમાં મિતુલ પઢીયાર (ઉ.વ.33) અગાઉ પણ અનેક ગુનાઓમાં સંડોવાયેલો છે. તેની વિરુદ્ધ વર્ષ 2021માં અમરેલી જિલ્લાના લાઠી પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીનો અને રાજસ્થાનના બાડમેર જિલ્લામાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાયેલ છે. આણંદ ટાઉન પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી પાડી એક દિવસના રિમાન્ડ મેળવ્યાં છે અને વધુ તપાસ હાથ ધરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ચારૂસેટમાં IIIM અને CLASSના વાર્ષિક દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી

આણંદ | ચાંગા સ્થિત ચારૂસેટ યુનિવર્સિટી સંલગ્ન IIIM સંસ્થાના 20મા અને CLASS સંસ્થાના પ્રથમ વાર્ષિક દિવસની સંયુક્તપણે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ સમારોહમાં 500થી વધુ વિદ્યાર્થીઓને તેમની વર્ષ દરમિયાનની શ્રેષ્ઠ શૈક્ષણિક સિદ્ધિઓ, રેન્ક અને સક્રિય ભાગીદારી બદલ ટ્રોફી તથા મેડલથી નવાજવામાં આવ્યા હતાં. મુખ્ય દાતા દેવાંગ પટેલે યુવાનોને ઉદ્યોગ સાહસિક બનવા પ્રોત્સાહિત કર્યા હતા અને પર્યાવરણના જતન માટે વધુ વૃક્ષારોપણ કરવા પર ખાસ ભાર મૂક્યો હતો. માતૃસંસ્થાના પ્રમુખ કિરણ પટેલ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.



### તારાપુર સરકારી ગ્રંથાલય ખાતે 'વિશ્વ પુસ્તક દિવસ'ની ભવ્ય ઉજવણી કરાઇ



**તારાપુર** | તારાપુર સરકારી તાલુકા ગ્રંથાલયમાં વિશ્વ પુસ્તક અને કોપીરાઇટ દિવસ નિમિત્તે સરસ્વતી પૂજન અને ગ્રંથ પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. સાર્વજનિક હાઇસ્કૂલના આચાર્ય પરેશભાઈ સેવક દ્વારા દીપ પ્રાગટ્ય કરી વિવિધ ધાર્મિક ગ્રંથોનું કંકુ અને ફૂલોથી પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પુસ્તકોના મહત્વ પર ભાર મૂકતા ગ્રંથાલયના વાચકો અને કર્મચારીઓ દ્વારા ભક્તિભાવપૂર્વક ગ્રંથવંદના કરવામાં આવી હતી. આ ઉજવણીમાં શાળાના શિક્ષકો, ગ્રંથાલયના ઉત્સાહી વાચકો અને સ્ટાફ મિત્રો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### પેટલાદમાં વિશ્વ પુસ્તક દિનની ઉજવણી નિમિત્તે વિદ્યાર્થીઓને 'જોડણી કોશ'ની ભેટ અપાઈ

**પેટલાદ** | પેટલાદની પરીખ ચંદુલાલ કેશવલાલ પુસ્તકાલય ખાતે પુસ્તક દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ સંસ્થાના પ્રમુખે 'વાંચે, વંચાવે અને વિચારે' મંત્ર આપી ઇ-બુક કરતા પ્રિન્ટેડ પુસ્તકોના વાંચન પર વિશેષ ભાર મૂક્યો હતો. ગુજરાતી ભાષાના સંવર્ધન માટે ઉપસ્થિત દરેક વિદ્યાર્થીને લાયબ્રેરી તરફથી 'વિદ્યાર્થી જોડણી કોશ' અર્પણ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કારોબારી સભ્યો, વાચકો અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.



### લુણાવાડામાં ચૂંટણી સ્ટાફ માટે કલેક્ટર અર્પિત સાગરે તાલીમ વર્ગ યોજ્યો

લુણાવાડા | સ્થાનિક સ્વરાજની ચૂંટણીના સુચારુ સંચાલન માટે વાઇબ્રન્ટ વેલ્સ સ્કૂલ ખાતે લુણાવાડા તાલુકાના ચૂંટણી સ્ટાફ માટે વિશેષ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. કલેક્ટર અર્પિત સાગરે તાલીમ વર્ગની મુલાકાત લઈ અધિકારીઓને ચૂંટણી પ્રક્રિયામાં ક્ષતિરહિત અને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવા પ્રોત્સાહિત કર્યા હતા. ચૂંટણી પ્રક્રિયાને પારદર્શક અને શાંતિપૂર્ણ બનાવવા માટે તંત્ર દ્વારા માઇક્રો લેવલનું પ્લાનિંગ કરી વિશાળ માનવબળની ફાળવણી કરવામાં આવી છે. આ કામગીરી માટે પ્રિસાઇડિંગ અને મતદાન અધિકારીઓ સહિત લુણાવાડા તાલુકાના 1100થી વધુ કર્મચારીઓને ચૂંટણીલક્ષી ઝીણવટભરી બાબતોનું માર્ગદર્શન અપાયું હતું.



### સીવીએમ યુનિવર્સિટીમાં 'માર્ગદર્શનમ્ 2026' કાર્યક્રમમાં કેમ્પસ ટુ કોર્પોરેટનું માર્ગદર્શન અપાયું

આણંદ | વલ્લભ વિદ્યાનગરની સીવીએમ યુનિવર્સિટી સંલગ્ન ADIT, MBIT અને GCET કોલેજો દ્વારા 'અનુભવ સે સંવાદ, સફળતા કી શરૂઆત'ના સૂત્ર સાથે 'માર્ગદર્શનમ્ 2026'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત 50થી વધુ સફળ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહીને પ્રી-ફાઈનલ વર્ષના 1100થી વધુ વિદ્યાર્થીઓને કારકિર્દીના પાઠ ભણાવ્યાં હતાં. દિવસભર ચાલેલા આ સત્રોમાં નિષ્ણાતો દ્વારા રિઝ્યુમ સ્ક્રીનિંગ અને ગ્રુપ ડિસ્કશન જેવી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને કોર્પોરેટ જગતની જરૂરિયાતો અને ઇન્ટરવ્યૂ ટેકનિક વિશે ઊંડાણપૂર્વક સમજણ આપી હતી.



### આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઘઉંના પાકમાં 'ગુલ્લી દંડા' નિંદણ નિયંત્રણ માટે માર્ગદર્શન અપાયું

આણંદ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ દ્વારા ધંધુકા અને આંબારેલી ગામે ઘઉંના પાકમાં ઉગી નીકળતા 'ગુલ્લી દંડા' નિંદણના અસરકારક નિયંત્રણ માટે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વૈજ્ઞાનિકોએ ખેડૂતોને પાકની ફેરબદલી કરવા, શુદ્ધ બિયારણ વાપરવા અને સલ્ફોસલ્ફ્યુરોન + મેટસલ્ફ્યુરોન મીથાઈલ જેવા રસાયણોનો યોગ્ય ઉપયોગ કરવા સલાહ આપી હતી. વધુમાં, નિંદણ ફેલાતું અટકાવવા માટે કમ્બાઇન હાર્વેસ્ટર સાફ કરીને વાપરવા અને અસરગ્રસ્ત ખેતરનું બિયારણ ફરી ન વાપરવા અંગે ખાસ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



### સરદાર વલ્લભભાઈ પટેલ શાળાના વિદ્યાર્થીઓ 'રંગોત્સવ' આંતરરાષ્ટ્રીય ચિત્ર સ્પર્ધામાં ઝળક્યા

આણંદ | કરમસદમાં આયોજિત 'રંગોત્સવ' આંતરરાષ્ટ્રીય ચિત્ર સ્પર્ધામાં ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ શાળાના 18 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. માર્ગદર્શક શિક્ષકોના કુશળ માર્ગદર્શન હેઠળ કુંજન ચૌહાણે દ્વિતીય અને પંક્તિ સોલંકીએ તૃતીય સ્થાન મેળવી શીલ્ડ તથા પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યા છે. અન્ય 16 વિદ્યાર્થીઓએ પણ વિવિધ ઇનામો અને સર્ટીફિકેટ મેળવીને શાળા તથા સંસ્થાનું નામ રોશન કર્યું છે. આ ભવ્ય સફળતા બદલ સંસ્થાના મંત્રી, ચેરમેન અને આચાર્યા સહિત સમગ્ર શાળા પરિવારે વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.




### આણંદના મારુતિ સોલારિસ મોલમાં ફાયર બ્રિગેડ દ્વારા સફળ મોકડ્રિલ યોજાઈ




આણંદ | કરમસદ-આણંદ ફાયર ટીમે વહેલી સવારે આગની સ્થિતિમાં ફસાયેલી વ્યક્તિનું સફળ રેસ્ક્યુ કરી સલામત સ્થળે ખસેડવાનું નિદર્શન કર્યું હતું. સિનેમા સ્ટાફને ફાયર જવાનો દ્વારા આગ બુઝાવવાની વિવિધ પદ્ધતિઓ અને સાધનોના ઉપયોગ અંગે પ્રેક્ટિકલ ટ્રેનિંગ આપવામાં આવી હતી. ફાયર ઓફિસર ધર્મેશ ગોરના માર્ગદર્શન હેઠળ મોલની ફિક્સ ફાયર સિસ્ટમ સમજાવી કર્મચારીઓને સુરક્ષા માટે સજ્જ કરવામાં આવ્યાં હતાં.

### સરદાર પટેલ યુનિ.ના કાયદા વિભાગના 21 છાત્રોએ દિલ્હીમાં સંસદ અને સુપ્રીમ કોર્ટની મુલાકાત લીધી

**આણંદ** | સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક કાયદાશાસ્ત્ર વિભાગ દ્વારા કુલપતિના માર્ગદર્શન હેઠળ દિલ્હી અને ઉજ્જૈનના 7 દિવસીય શૈક્ષણિક પ્રવાસનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ નવા સંસદ ભવનની મુલાકાત લઈ સાંસદ મિતેશભાઈ પટેલ સાથે સંવાદ કર્યો હતો અને ચાલુ સંસદની કાર્યવાહી નિહાળવાનો લ્હાવો લીધો હતો. પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ સુપ્રીમ કોર્ટ, NALSA અને રાષ્ટ્રીય મહિલા આયોગ જેવી મહત્વની સંસ્થાઓની મુલાકાત લઈ તેના કાર્યો વિશે વિગતવાર જાણકારી મેળવી હતી.



### કપડવંજ તાલુકામાં સો ટકા નામાંકન અને શિક્ષણ સુધારણા માટે સમીક્ષા બેઠક યોજાઈ

કપડવંજ | કપડવંજ બીઆરસી દ્વારા શેઠ એમપી હાઈસ્કૂલ ખાતે ધોરણ 8માંથી 9માં સો ટકા નામાંકન સુનિશ્ચિત કરવા અને સરકારી યોજનાઓની અમલવારી માટે બેઠક યોજવામાં આવી હતી. જિલ્લા શિક્ષણાધિકારી કલ્પેશભાઈ રાવલે કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે ડ્રોપ-આઉટ રેશિયો ઘટાડવા અને શૈક્ષણિક ગુણવત્તા સુધારવા માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં નમો લક્ષ્મી, નમો સરસ્વતી અને જ્ઞાન સેતુ જેવી વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના વિદ્યાર્થી સુધી પહોંચાડવા અંગે વિગતવાર ચર્ચા થઈ હતી.



### કપડવંજમાં રંગ અવધૂત બાપજીનો ભવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

કપડવંજ | કપડવંજમાં રંગબાળ જગદીશાનંદજી મહારાજની પાવન નિશ્રામાં રંગ અવધૂત બાપજીનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવાયો હતો. આ નિમિત્તે રંગપાર્કથી નીકળેલી ભવ્ય શોભાયાત્રા શહેરના મુખ્ય વિસ્તારોમાં ફરી હતી, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. બે દિવસીય આ ધાર્મિક મહોત્સવમાં દેશ-વિદેશથી આવેલા સેંકડો અનુયાયીઓ અને ભક્તજનોએ ઉપસ્થિત રહીને ધર્મલાભ લીધો હતો. વિવિધ ધાર્મિક વિધિઓ અને કાર્યક્રમો દ્વારા સમગ્ર કપડવંજ પંથકમાં ભક્તિમય અને આધ્યાત્મિક આનંદનું વાતાવરણ છવાયું હતું.

